# સોમનાથ મંદિર પર ૧૫૦૦ વધુ કળશ સુવર્ણમઢિત થયા

**સોમનાથ** મંદિરનું ગર્ભગૃહ, ગર્ભગૃહના દરવાજા અને દરવાજા પાસેના સ્તંભો, થાળું વગેરે સુવર્ણથી અલંકૃત

ગાંધીનગર : પૌરાણિક અને ઐતિહાસિક ગ્રંથોમાં વર્ણિત ભારત વર્ષના આસ્થા કેન્દ્ર સોમનાથની જાહોજલાલી વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પુનઃસ્થાપિત થવા જઈ રહી છે.

અવિનાશી ભારતીય સંસ્કૃતિના અપ્રતિમ પ્રતિક રૂપ શ્રી સોમનાથ મંદિર પર આજે ૧૫૦૦ થી વધુ સુવર્ણ કળશ સુશોભિત થઈ રહ્યા છે, શ્રી સોમનાથ મંદિરનું ગર્ભગૃહ, શિવલિંગ પર છત્ર, ગર્ભગૃહના દરવાજા અને દરવાજા પાસેના સ્તંભો, મંદિરના શિખર પર સ્થાપિત સુવર્ણ ધ્વજ દંડ અને તેની સાથે જોડાયેલું ત્રિશૂળ વગેરે સોમનાથની પુનઃર્જીવિત થયેલી વૈભવતાની સાક્ષી પૂરી રહ્યા છે.

આ સંદર્ભમાં સોમનાથના ઈતિહાસરસિક અને અભ્યાસુ ભાસ્કરભાઈ વૈદ્ય કહે છે કે, પીએમ મોદી ના નેતૃત્વમાં ઈતિહાસ પુરાણોમાં વર્ણિત સોમનાથની જાહોજલાલી પુનઃસ્થાપિત થઈ રહી છે, ઈતિહાસ અને પૌરાણિક ગ્રંથોમાં સોમનાથની વૈભવતા અને સમૃદ્ધિનું જે વર્ણન જોવા મળે છે, તેને અનુરૂપ અને પૌરાણિક મહાત્મય જાળવીને ઐશ્વર્ય પુનઃસ્થાપિત કરવામાં આવી રહ્યું છે. મહત્વનું છે કે, ગ્રંથોમાં ઉલ્લેખ મુજબ સદીઓ પૂર્વે શ્રી સોમનાથ મંદિરમાં ભારે વજનદાર સોનાની સાંકળ અને ઘંટ, રત્ન જડિત સ્તંભો વગેરે વૈભવથી ચળકતું હતું. શ્રી સોમનાથ મંદિરની જાહોજલાલીનો લેખક કનૈયાલાલ મુનશીએ પોતાના પુસ્તકોમાં પણ ઉલ્લેખ કર્યો છે. સોમનાથ મંદિરની આ જાહોજલાલી માત્ર ધાર્મિક જ નહીં પરંતુ સાંસ્કૃતિક અને આર્થિક દ્રષ્ટિએ પણ વિશ્વભરમાં વિખ્યાત હતી.

આ સંદર્ભમાં ભાસ્કર વૈદ્ય કહે છે કે, ભગવાન સોમનાથ માટે ખાસ કશ્મીરથી કેસરના ફૂલો અને હરિદ્વારથી ગંગાજળ પણ લાવવામાં આવતું હતું, શ્રી સોમનાથ મંદિરની અપાર વૈભવતા અને ભવ્યતાથી સમૃદ્ધ હતું. તેમણે કહ્યું હતું કે, શ્રી ભગવાન સોમનાથના મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરીનો પ્રારંભમાં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં પ્રારંભ થયો હતો. તેઓ શ્રી સોમનાથ મંદિરમાં સુવર્ણમઢીત થવાના પ્રસંગોએ ઉપસ્થિત પણ રહ્યા હતા.

વૈદ્ય કહે છે કે, અનન્ય શિવભક્તો અને શ્રેષ્ઠિઓના દાનથી સોમનાથને સુવર્ણમય બનાવવામાં આવી રહ્યું છે, વર્ષ ૨૦૦૨માં રાજકોટના એક પરિવારે પ્રથમ સોમનાથ મંદિરમાં ૭૫ કિલોનું થાળું અર્પણ કર્યું હતું, ત્યારબાદ લખી પરિવારે પણ સોનાના દાન આપવાનો સંકલ્પ કર્યો હતો, તેનાથી મહદઅંશે શ્રી સોમનાથ મંદિરને સુવર્ણમય કરવાની શરૂઆત થઈ હતી, તેવું કહી શકાય. આજે પણ સોમનાથ ટ્રસ્ટની સુવર્ણ કળશ યોજના થકી ઘણા દાતાઓએ મંદિર પરના કળશને સુવર્ણમઢિત કરવામાં આવ્યા છે.

## સચિનમાં જાત્રાએથી પરત ફરેલી યુવતીનું ઊલટી-બેભાન થયા બાદ મોત

સુરતઃ સચિનની સાંઈદર્શન સોસાયટીમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીનું જાત્રાથી પરત આવ્યા બાદ અચાનક તબિયત લથડતાં મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના વતની અને હાલ સચિન સાંઈદર્શન સોસાયટીમાં રહેતી શિવાની વિનોદભાઈ પાંડે પરિવાર સાથે રહેતી હતી. ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરનાર શિવાની ગત ૫ જાન્યુઆરીએ પરિવાર સાથે સૌરાષ્ટ્ર ખાતે ધાર્મિક જાત્રાએ ગઈ હતી. ગઈકાલે સવારે અંદાજે ૮ વાગ્યાના અરસામાં પરિવાર સાથે સુરત પરત ફર્યા બાદ શિવાની સ્વસ્થ જણાતી હતી. જો કે, રાત્રે જમ્યા બાદ અચાનક તેને ઊલટી શરૂ થતાં તબિયત લથડી ગઈ હતી. થોડી જ વારમાં તે બેભાન થઈ જતાં પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે યુવતીને મૃત જાહેર કરી હતી.

# મમતા બેનરજીના ચાણક્ય ગણાતા પ્રતીક જૈન નાહકના વિવાદમાં ફસાઈ ગયા છે



ભાજપની સરકાર પોતાનાં વિરોધીઓ પર પ્રહાર કરવા કેન્દ્ર સરકારની સંસ્થાઓનો ઉપયોગ કરે છે, તેવો વિપક્ષનો જૂનો આરોપ છે અને તેમાં તથ્ય પણ છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી ગઈ છે ત્યારે મમતા બેનરજીને હરાવવા ભાજપ તનતોડ મહેનત કરી રહ્યો છે, જેમાં કેન્દ્રીય એજન્સીનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. આ સિલસિલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ગુરુવારે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં રાજકીય સલાહકાર કંપની IPAC અને તેના વડા પ્રતીક જૈનના પરિસરમાં દરોડા પાડ્યા. પશ્ચિમ બંગાળના શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (TMC) માટે IPAC અને તેના વડા કેટલા મહત્ત્વપૂર્ણ છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે દરોડા દરમિયાન રાજ્યનાં મુખ્ય મંત્રી મમતા બેનરજી પોતે પ્રતીક જૈનના ઘરે પહોંચ્યાં હતાં. EDનો દાવો છે કે મમતા બેનરજીએ તેમના પક્ષ સાથે સંબંધિત હાર્ડ ડિસ્ક, દસ્તાવેજો અને સંવેદનશીલ ડેટા જપ્ત કરવાનો પ્રયાસ કર્યો હતો. મમતા બેનરજીએ પ્રતીક જૈનને ટીએમસીના આઇટી સેલના વડા તરીકે નિયુક્ત કર્યા હતા. IPAC એ ૨૦૨૧ ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે તૃણમૂલ કોંગ્રેસની વિજયી રણનીતિ તૈયાર કરી હતી.

ટુ ધ પોઇન્ટ ■ સમકિત શાહ ■

IPAC ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ TMC સાથે જોડાયેલું રહ્યું હતું, જેમાં બંને ચૂંટણીઓમાં મજબૂત પ્રદર્શન જોવા મળ્યું હતું. IPAC વેબસાઇટ પર ઉપલબ્ધ માહિતી અનુસાર તેનું પૂરું નામ ઇન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી છે. તેની શરૂઆત ૨૦૧૩ માં સિટીઝન્સ ફોર એકાઉન્ટેબલ ગવર્નન્સ (CAG) તરીકે કરવામાં આવી હતી. IPAC એ સૌ પ્રથમ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ માટે કામ કર્યું હતું. ત્યારથી આ સંગઠન વિવિધ પક્ષો માટે ચૂંટણી વ્યૂહરચના ઘડી રહ્યું છે. IPAC એ જે પક્ષો સાથે કામ કર્યું હતું તેઓ મોટા ભાગની ચૂંટણીઓ જીતી ગયા છે. તેમાં પંજાબ કોંગ્રેસ માટે 'કેપ્ટન દે નૌ નુક્તે', જેડીયુ માટે 'નીતીશના ૭ નિશ્ચય', ટીએમસી માટે 'દીદીના શપથ' અને આમ આદમી પાર્ટી માટે 'કેજરીવાલની ૧૦ ગેરંટી' સહિત અનેક ઝુંબેશનો સમાવેશ થાય છે. કેટલીક ચૂંટણીઓમાં હારનો સામનો પણ કરવો પડ્યો હતો.

કોલકાતામાં રાજકીય સલાહકાર કંપની I-PACના કાર્યાલય પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના દરોડા દરમિયાન મુખ્ય મંત્રી મમતા બેનરજી પહોંચ્યા પછી બનેલી ઘટનાઓ અંગે સૂત્રોએ અનેક સનસનાટીભર્યા દાવાઓ કર્યા છે. આ સમગ્ર મામલો હવે રાજકીય અને કાનૂની બંને મોરચે ગંભીર વિવાદમાં ફેરવાઈ રહ્યો છે. ED ના સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે મુખ્યમંત્રી મમતા બેનરજી I-PAC કાર્યાલય પર પહોંચ્યાં ત્યારે પરિસ્થિતિ અચાનક તંગ બની ગઈ. તેમણે ત્યાં હાજર પ્રતીક જૈનનો મોબાઇલ ફોન જપ્ત કર્યો હતો. દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિર્દેશક (DGP) પણ હાજર હતા. પ્રતીક જૈન હવે વિવાદોમાં ઘેરાઈ ગયા છે. ૧૬ મે, ૨૦૧૪ ના રોજ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર એક ફોટો વાયરલ થયો હતો, જેમાં એક યુવાન સ્મિત સાથે વિજયી નરેન્દ્ર મોદીની બાજુમાં ઊભો હતો અને તેની સાથે તેના સાથીદારો પણ હતા. આ દિવસે ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) એ લોકસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યો હતો. એક દાયકા કરતાં વધુ સમય પછી પ્રતીક જૈન ભારતના રાજકીય સ્પેક્ટ્રમના બીજા છેડે ઊભા છે અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) માટે એક મુખ્ય વ્યૂહરચનાકાર છે, જેમને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જાહેરમાં તેમના પક્ષના IT અને રણનીતિ પ્રભારી તરીકે વર્ણવ્યા છે. પ્રતીક જૈન સાથે કામ કરનારાઓ કહે છે કે ધીરજ તેમના માટે માત્ર એક સૂત્ર નથી, પરંતુ એક રાજકીય શસ્ત્ર પણ છે.

ઝારખંડમાં જન્મેલા પ્રતીક જૈને ૨૦૦૮ માં IIT બોમ્બેમાં પ્રવેશ મેળવ્યો અને મેટલર્જિકલ એન્જિનિયરિંગ અને મટિરિયલ્સ સાયન્સમાં B. Techની ડિગ્રી મેળવી હતી. તેમની શરૂઆતની કારકિર્દી રાજકારણથી તદ્દન અલગ હતી. ખાનગી બેંકમાં ઇન્ટર્ન તરીકે કામ કર્યા પછી, તેમણે ૨૦૧૨ થી એક બહુરાષ્ટ્રીય કંપનીમાં ડેટા એનાલિસ્ટ તરીકે કામ કર્યું. નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા પછી, જૈને I-PAC ની સહ-સ્થાપના કરી અને તેના મુખ્ય કાર્યકારી વ્યક્તિત્વ તરીકે ઊભરી આવ્યા હતા. તેઓ I-PAC ના ચહેરા પ્રશાંત કિશોર કરતાં ઓછા જાણીતા હતા, પરંતુ એટલા જ મહત્ત્વપૂર્ણ હતા.

૨૦૧૩ માં જ્યારે ભાજપ પાર્ટી નરેન્દ્ર મોદીને તેમના વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે ઊભા રાખવાની તૈયારી કરી રહી હતી, ત્યારે પ્રતીક જૈન રાજનીતિના ચાણક્ય ગણાતા પ્રશાંત કિશોરની આગેવાની હેઠળની મુખ્ય ટીમનો ભાગ હતા. તે સમયે ઓછા જાણીતા ડેટા નિષ્ણાત હોવા છતાં, પ્રતીક જૈને માત્ર ચૂંટણી ગણિતમાં તેમની કુશળતા માટે જ નહીં, પરંતુ રાજકારણીઓનાં વર્તન, તેમની ઓન-કેમેરા બોડી લેંગ્વેજ અને ટેલિવિઝન સ્ક્રીન દ્વારા ગુસ્સા અને અધીરાઈને કેવી રીતે દૂર કરવાં તે સમજવાની તેમની ક્ષમતા માટે પણ પ્રતિષ્ઠા મેળવી હતી.

ભૂતપૂર્વ રાજકીય વ્યૂહરચનાકાર અને જન સૂરજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોર પણ કોઈ સમયે IPAC સાથે સંકળાયેલા હતા. ૨૦૨૧ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલાં પ્રશાંત કિશોર IPACનો ચહેરો હતા. પછી તેઓ રાજકારણમાં પ્રવેશ્યા અને IPAC થી અલગ થઈ ગયા હતા. IPAC માં કામ કરી ચૂકેલા ફલક્યાર અસ્કરીએ કહ્યું કે પ્રશાંત કિશોર ફક્ત સલાહકાર તરીકે કામ કરતા હતા. કંપનીના માળખામાં એવું કંઈ નહોતું જે તેમને બાંધી રાખે, તેથી જ્યારે તેઓ ગયા ત્યારે કંપની પર કોઈ અસર પડી નહીં. પ્રશાંત કિશોરના ગયા પછી IPAC ની કમાન ઋષિ રાજ સિંહ, વિનેશ ચંદેલ અને પ્રતીક જૈનના હાથમાં છે. પ્રતીક જૈન IPAC માં સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિ છે. એવું માનવામાં આવે છે કે પશ્ચિમ બંગાળની આગામી ચૂંટણીમાં ટીએમસી માટે કામ કરવાની સંપૂર્ણ જવાબદારી તેમની છે. તેઓ IPAC સિસ્ટમને TMC સિસ્ટમ સાથે જોડવાનું કામ કરે છે.

પ્રતીક જૈનની લિંક્ડઇન પ્રોફાઇલ પરથી મળેલી માહિતી અનુસાર , તેઓ IPAC માં સહ-સ્થાપક અને ડિરેક્ટર છે. તેઓ એપ્રિલ ૨૦૧૫ થી કંપની સાથે છે. તે પહેલાં પ્રતીક જૈન સિટીઝન્સ ફોર એકાઉન્ટેબલ ગવર્નન્સના સ્થાપક સભ્ય હતા. રાજકીય સલાહકાર કંપનીમાં જોડાતાં પહેલાં તેમણે બહુરાષ્ટ્રીય કંપની ડેલોઇટમાં વિશ્લેષક તરીકે કામ કર્યું હતું. તેમણે IIT બોમ્બેમાંથી B. Tech કર્યું છે. ટીએમસીના એક નેતાએ જણાવ્યું હતું કે પ્રશાંત કિશોરથી વિપરીત પ્રતીક જૈન હંમેશા લાઈમલાઈટથી દૂર રહેવાનું પસંદ કરે છે. પ્રતિભાશાળી વ્યક્તિ હોવાને કારણે, તેઓ એકાંતમાં શ્રેષ્ઠ રીતે કામ કરે છે. વધુમાં તેમનાં મૂળ કોલકાતામાં છે અને તેઓ મોટા ભાગનાં લોકો કરતાં બંગાળની ભૂરાજનીતિને વધુ સારી રીતે સમજે છે. ટીએમસીના એક વરિષ્ઠ અધિકારીએ પ્રતીક જૈન સાથે સંબંધિત એક ઘટના યાદ કરી હતી. બંગાળમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયા પછી પ્રતીક જૈનને મુખ્ય મંત્રી અને તેમની ટીમ સાથે ફોટોગ્રાફ માટે પોઝ આપવા માટે બોલાવવામાં આવ્યા હતા. બીજા દિવસે મીડિયામાં પ્રકાશિત થયેલા ફોટોમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું હતું કે તેઓ ફોટોગ્રાફ માટે પોઝ આપવામાં અસ્વસ્થ દેખાતા હતા. આ પૂર્વીય ભારતીય રાજ્યમાં છેલ્લી ચૂંટણી ૨૦૨૧ ના ઉનાળામાં યોજાઈ હતી, જ્યારે કોવિડ-૧૯ ની બીજી અને વધુ ખતરનાક લહેર ચાલી રહી હતી. અહીં ૨૯૪ વિધાનસભા બેઠકો છે. આ ચૂંટણીમાં મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ ભાજપને હરાવ્યું હતું. TMC એ ૨૧૫ બેઠકો જીતી, જ્યારે BJP એ ૭૭ બેઠકો મેળવી હતી. TMC ને લગભગ ૪૮ ટકા મત મળ્યા હતા, જ્યારે BJP ને ૩૮ ટકા મત મળ્યા હતા. બિહારનાં પરિણામો પછી ભાજપ કહી રહ્યું છે કે પશ્ચિમ બંગાળ તેનું આગામી લક્ષ્ય છે. ભાજપ માટે આ જીવનમરણનો જંગ છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**એવું માનવામાં આવે છે કે પશ્ચિમ બંગાળની આગામી ચૂંટણીમાં ટીએમસી માટે કામ કરવાની સંપૂર્ણ જવાબદારી તેમની છે. તેઓ IPAC સિસ્ટમને TMC સિસ્ટમ સાથે જોડવાનું કામ કરે છે**

# ગુજરાત શીતલહેરની આગોશમાં, નલિયાવાસીઓ 6 ડિગ્રીમાં ઠુંઠવાયા

**સમગ્ર** રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણેક ડિગ્રીનો ઘટાડો, અમરેલીમાં 8, કેશોદમાં 9 ડિગ્રીએ ઠંડીનો સપાટો

ગાંધીનગરઃ ઉત્તરથી ઉત્તર-પૂર્વીય પવનના કારણે ગુજરાતમાં કાતિલ ઠંડીનો ચમકારો આજે જોવા મળ્યો હતો. ખાસ કરીને ગુજરાતમા અચાનક ઠંડીનો પારો ત્રણ ડિગ્રી સુધી નીચે ગગડી ગયો હતો. કચ્છ આજે કાતિલ ઠંડીની ચપેટમાં આવી ગયું છે. કચ્છના નલિયામાં લઘુત્તમ તાપમાન 3 ડિગ્રી નીચે ઉતરી જવા સાથે 6 ડિગ્રી હાડ થીજાવતી ઠંડી નોંધાઈ હતી. આગામી સમગ્ર સપ્તાહ ગુજરાતમાં તીવ્ર ઠંડીનો રાઉન્ડ રહેવાની આગાહી છે.

સૌરાષ્ટ્ર - કચ્છમાં સામાન્ય કરતાં અત્યંત નીચું તાપમાન નોંધાવા સાથે કચ્છમાં ઠંડીનો ધ્રુજારો વધી ગયો છે. આજે શનિવારે કચ્છના નલિયામાં ઠંડીનો પારો અચાનક નીચે ગગડી જવા સાથે 6 ડિગ્રીએ પહોંચી ગયો હતો. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજ્યમાં હજુયે એક સપ્તાહ સુધી ઠંડીનો ચમકારો યથાવત રહેશે.

હવામાન વિભાગના મુજબ કે રાજ્યમાં આજે ભૂજમાં 10 ડિ.સે., નલિયામાં 6 ડિ.સે., કંડલા પોર્ટ પર 13 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 10 ડિ.સે., અમરેલીમાં 8 ડિ.સે., ભાવનગરમાં 13 ડિ.સે., રાજકોટમાં 10 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 11 ડિ.સે., મહુવામાં 13 ડિ.સે., કેશોદમાં 9 ડિ.સે., અમદાવાદમાં 12 ડિ.સે., ડીસામાં 10 ડિ.સે., ગાંધીનગરમાં 11 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 13 ડિ.સે., વડોદરામાં 14 ડિ.સે. અને સુરતમાં 15 ડિ.સે. જ્યારે દમણમાં 16 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# ઉત્રાણ ગોથાણ બ્રિજ પરથી 4.48 લાખનો દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

**ડ્રાઈવરની** ધરપકડ, આયશરમાંથી માલ ઉઠાવ્યો હતો, સપ્લાયર અને ડિલીવરીની જાણ કરનારા બે વોન્ટેડ

સુરતઃ ઉત્રાણ પોલીસે ઉમરા-વેલંઝા રોડ પર ગોઠાણ બ્રિજના છેડે વિદેશી દારૂની હેરાફેરી કરતા એક ઈસમને કુલ રૂ.4.89 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી દારૂ આપનાર તેમજ ફોન દ્વારા ડિલિવરીની સૂચના આપનારા શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ઉત્રાણ પોલીસે બાતમીને આધારે ઉમરા-વેલંઝા રોડ, ગોઠાણ બ્રિજના છેડે વોચ ગોઠવી બ્લ્યુ કલરનો થ્રી વ્હીલર ટેમ્પો નં. GJ-16-X-3912 શંકાસ્પદ હાલતમાં જોવા મળતા તેને અટકાવ્યો હતો. ટેમ્પોની અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની વ્હિસ્કી, રમ અને બિયરની કુલ 1464 બોટલ મળી આવી હતી, જેની કિંમત રૂ.4,48,800 આંકવામાં આવી છે. સાથે ટેમ્પોની કિંમત રૂ.35,000 તથા આરોપી પાસેથી બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા, જેની કિંમત રૂ.55,000 હોવાનું પોલીસ રેકોર્ડમાં નોંધાયું છે. આમ પોલીસે કુલ રૂ.4,89,300નો મુદ્દામાલ કબજે કર્યો છે. ટેમ્પો ડ્રાઈવર ગેહરીલાલ નારાયણલાલ ગુજ્જર (ઉ.વ. 33) હોવાનું બહાર આવ્યું છે. વ્યવસાયે ડ્રાઈવિંગ કરતો આરોપી એવરગ્રીન સોસાયટી, રંગોલી ચોકડી પાસે, વેલંઝામાં રહેતો હોવાનું જણાયું છે. તેણે કબૂલાત કરી હતી કે રાજ હોટેલ પાસેથી એક આયસર વાહનમાંથી પાર્સલ લઈ લેવા અંગે તેને જાણ કરવામાં આવી હતી. દારૂ ભરેલું પાર્સલ લેવા માટે મોબાઈલ નંબર 9512551778 અને 9727879081 પરથી કોલ કરી સૂચના આપવામાં આવી હતી અને ત્યારબાદ આ માલ નિર્ધારિત જગ્યાએ પહોંચાડવાનો હતો. પોલીસે દારૂનો જથ્થો આપનાર અજાણ્યા ઈસમ તેમજ ફોન દ્વારા માલની ડિલિવરી અંગે માર્ગદર્શન આપનાર વ્યક્તિઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

## BUSINESS મિત્ર

# ટેરિફના તણાવ વચ્ચે ભારતીય બજારો સાવધ

**500** ટકાના ટેરિફના અહેવાલથી નિકાસમાં વધુ ગંભીર અસર પડશે: કાપડ જેવા ક્ષેત્રોને વધુ અસર થશે

**ટ્રેડ** ડીલની અપેક્ષાઓ નબળી પડી; માર્કેટ એક્સપર્ટ્સના મતે વૈશ્વિકરણનો યુગ હવે અંત તરફ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 10:** યુએસ સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વ્યાપક ટેરિફ શાસનની કાયદેસરતા અંગે કોઈ ચુકાદો જારી કર્યો ન હતો, જે કાનૂની પડકારો પછી હાલના ટેરિફ ઉભા છે કે કેમ તે હજુય સ્પષ્ટ થયો નથી અને લંબાવે છે. દરમિયાન, યુએસમાં ચર્ચા હેઠળના કાયદામાં 500 ટકા સુધીના શિક્ષાત્મક ટેરિફની જોગવાઈઓ શામેલ છે, જે લાગુ કરવામાં આવે તો ભારતની નિકાસ પર ગંભીર અસર કરી શકે છે. ભારત-યુએસ વેપાર સોદાના સમય અંગે અનિશ્ચિતતા વધી છે, ફંડ મેનેજરોએ સંકેત આપ્યો છે કે નજીકના ગાળાના કરારની અપેક્ષાઓ નબળી પડી છે અને લાંબા સમય સુધી વિલંબ અથવા અચાનક જાહેરાત પણ ભારતીય ઈક્વિટી બજારોમાં ભૌતિક રીતે ફેરફાર કરી શકશે નહીં.સીએફએ સોસાયટીની ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ કોન્ફરન્સમાં બોલતા, વ્હાઈટઓક કેપિટલના પ્રશાંત ખેમકાએ કહ્યું હતું કે તેઓ થોડા મહિના પહેલા સુધી, તમામ ટિપ્પણીઓ અને આ બાબતોના આધારે આશાવાદી હતા, પરંતુ ઉમેર્યું હતું કે ટૂંક સમયમાં સોદો પૂર્ણ થવાની સંભાવના હવે ઘટી રહી છે. આ સમયે, હું જે પણ થોડું જાણું છું, જો તે આ કેલેન્ડર વર્ષમાં હોય તો હું ખુશ થઈશ, તેમણે કહ્યું. યુએસ ટેરિફની આસપાસની કાનૂની અનિશ્ચિતતા પર પણ પ્રકાશ પાડ્યો હતો, નોંધ્યું હતું કે સુપ્રીમ કોર્ટ ઓવરરીચ વિશે ખૂબ જ ભયભીત લાગે છે, અને કેટલાક ટેરિફને આખરે પડકારવામાં આવી શકે છે. તેમણે ચેતવણી આપી હતી કે, જો ટેરિફ પાછા ખેંચવામાં આવે અથવા મધ્યસ્થ કરવામાં આવે તો પણ, મેક્રો ઈકોનોમિક અને લિક્વિડિટી પરિબળોના વ્યાપક સમૂહને ધ્યાનમાં રાખીને, બજારે સ્વચાલિત હકારાત્મક પ્રતિક્રિયા ધારણ કરવી જોઈએ નહીં. તેમણે સેક્ટર-વિશિષ્ટ દબાણને પણ સ્વીકાર્યું, કહ્યું કે તેઓ હજી પણ આશા રાખે છે કે સોદાની ઘોષણા કરવામાં આવશે, નોંધ્યું છે કે કાપડ જેવા કેટલાક ક્ષેત્રો ખરેખર દબાણ હેઠળ છે. ફંડ મેનેજરોએ નોંધ્યું હતું કે બજારોએ અત્યાર સુધી ટેરિફ વિકાસને મર્યાદિત અસર સાથે વર્તન કર્યું છે. જ્યારે બજારના એવા ક્ષેત્રો વિશે પૂછવામાં આવ્યું કે જે વેપાર તણાવ હોવા છતાં હજી પણ તકો પ્રદાન કરે છે, ત્યારે કેરેલિયન કેપિટલના વિકાસ ખેમાનીએ સામાન્ય રીતે ક્ષેત્રોને બદલે કંપનીઓ તરફ જોવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. દરેક ક્ષેત્રમાં જે અમને ગમતું નથી, ત્યાં એવી કંપનીઓ છે જે અમને ગમે છે, અને તેનાથી વિપરીત. તમારે કંપની-વિશિષ્ટ ધોરણે ડ્રીલ કરવું પડશે, તેમણે કહ્યું. તેમણે વેપાર તણાવની મર્યાદિત મેક્રો અસરની પણ નોંધ લીધી હતી, અને નિર્દેશ કર્યો હતો કે યુએસ નિકાસ જીડીપીના 2 ટકા કરતા પણ ઓછી છે. ભારત એક ક્વાર્ટરમાં આટલો વિકાસ કરે છે. ટેરિફ ઉપરાંત, ફંડ મેનેજરોએ વૈશ્વિક અર્થતંત્રમાં વ્યાપક માળખાકીય પરિવર્તનને પ્રકાશિત કર્યું હતું. એચડીએફસી એએમસીના ચિરાગ સેતલવાડે જણાવ્યું હતું કે, આ ટેરિફ વિશે નથી. તેમણે ઉમેર્યું, મોટો વલણ એ છે કે દેશો હવે પોતાને ધ્યાનમાં લે. અમેરિકા પોતાને જુએ છે, યુરોપ પોતાને જુએ છે. આપણે હવે વૈશ્વિકરણમાં નથી. જો ટેરિફના મુદ્દાઓ હલ થઈ જાય તો પણ, સેતલવાડે કહ્યું, એવું નથી કે જો ટેરિફ જાય છે, તો દરેક જણ ફરીથી એકબીજાને ગળે લગાવશે. ત્યાં એક નવી ચિંતા હશે જે અમને ભ્રમિત કરશે. ખેમકાએ નોંધ્યું હતું કે ઊંડા સુધારા સામાન્ય રીતે ત્યારે જ થાય છે જ્યારે વ્યાપક આર્થિક નુકસાન થાય છે.તેમણે જણાવ્યું હતું કે, જ્યારે વ્યાપક નાદારીનું જોખમ હોય ત્યારે બજારો સામાન્ય રીતે ખૂબ જ તીવ્ર રીતે નીચે જાય છે. વેપાર વાટાઘાટો અથવા ટેરિફ હેડલાઈન્સ પર પ્રતિક્રિયા આપવાને બદલે, ફંડ મેનેજરોએ રોકાણકારોને લાંબા ગાળાના ફંડામેન્ટલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી. તમારે ફક્ત વ્યવસ્થિત રીતે રોકાણ કરવું પડશે અને લાંબા ગાળાની ક્ષિતિજમાં વિચારવું પડશે. દર વખતે, જ્યારે કોઈ કટોકટી આવે છે, ત્યારે તેનો લાભ લો.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૧૯૦૦ |
| તેજાબી સોનું | ૧૪૧૮૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૪૮૦૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૯૦૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૧૯૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૨૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૪૧૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# કોપર બન્યું 'નવું સોનું': એક જ વર્ષમાં 60% વળતર

**MCX** પર ભાવ રૂ.1392ને પાર, પરંતુ નાના રોકાણકારો મજબૂર

**નવી દિલ્હી, તા. 10:** કોપરે એક વર્ષમાં લગભગ 60 ટકા વળતર આપ્યું છે. વિતેલા સપ્તાહમાં સ્પોટ માર્કેટમાં કોપરની કિંમત પાઉન્ડ દીઠ 6.09 ડોલર પર પહોંચી હતી. એક વર્ષ પહેલા, ભાવ પાઉન્ડ દીઠ 3.80 ડોલર હતો. જોકે, તે 20205માં 5.84 ડોલર પ્રતિ પાઉન્ડ થઈ ગઈ હતી. 2025માં, કોપરે આખું વર્ષ તેજી જોઈ છે. કોપરનો ઉપયોગ વાયરિંગ અને કેબલ સહિતના વિવિધ ઉદ્યોગોમાં થાય છે. ભારતમાં પણ કોપરના ભાવમાં વધારો જોવા મળ્યો છે. એમસીએક્સ પર કોપર વાયદો 29 ડિસેમ્બરે 1392.95 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચ્યો હતો. જે 9 જાન્યુઆરીએ કિંમત 1278.95 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી.

મોતીલાલ ઓસવાલ વેલ્થ મેનેજમેન્ટના એક અહેવાલ મુજબ, 2025માં કોપરમાં લગભગ 13000 ડોલર પ્રતિ ટન વધવાની ધારણા છે. કોપરના ભાવમાં વધારાના ઘણા કારણો છે. પરંતુ તાજેતરની તેજીનું કારણ તેના ઓછા પુરવઠા, મજબૂત રોકાણકારોની માંગ, ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ અને ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણને આભારી છે.

ઉદ્યોગો અને ઘરોમાં વીજળીનો ઉપયોગ વધતાં કોપરની માંગ વધે છે. ઓનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ વીટી માર્કેટ્સના રોસ મેક્સવેલે જણાવ્યું હતું કે, કોપરના ભાવમાં સતત વધારો તેની ઓછી ઉપલબ્ધતા દર્શાવે છે. વિદ્યુતીકરણના કારણે તેની માંગ પણ વધી રહી છે.

તેમણે કહ્યું કે વિશ્વભરમાં ઈલેક્ટ્રિક વાહનોના વધતા ઉપયોગને કારણે કોપરની માંગમાં પણ વધારો થયો છે. ડેટા સેન્ટર્સ અને વધતા સંરક્ષણ ઓર્ડર્સની પણ કોપરની માંગ પર અસર પડી છે. મોતીલાલ ઓસવાલના રિપોર્ટ મુજબ અમેરિકાએ લગભગ 6 લાખ ટન વધુ કોપર ખરીદ્યા છે. આનાથી વિશ્વમાં કોપરની ઉપલબ્ધતામાં ઘટાડો થયો છે.

# તકરારી મુદ્દા માટે આદેશ પહેલાં ભરવામાં આવેલ રકમ અપીલ માટે પ્રિ-ડિપોઝીટ પેટે ભરેલી રકમ ગણવી પડે

## નામદાર કર્ણાટક હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**

**ઈશ્વર રૂદલાલ**

GST કાયદા હેઠળ પ્રથમ અપીલ કે બીજી અપીલ દાખલ કરતા પહેલાં ઠરાવ્યા મુજબની રકમ પ્રિ-ડિપોઝીટ તરીકે ભરવી ફરજિયાત છે. પરંતુ કરદાતા કેટલીક વખત અમુક રકમ આદેશ થાય તે પહેલાં ભરતા હોય છે ત્યારે આવા આદેશ સામે જ્યારે અપીલ કરવામાં આવે અને જે મુદ્દા પર આદેશ પહેલા રકમ જમા કરાવવામાં આવી હોય તે મુદ્દા બાબતે અપીલ કરવામાં આવેલ હોય ત્યારે આદેશ પહેલાં જમા કરાવવામાં આવેલ રકમને અપીલ માટે પ્રિ-ડિપોઝીટ પેટે ભરેલ રકમ ગણી શકાય એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં નામદાર કર્ણાટક હાઈકોર્ટે આપેલ છે, ખેર ! ના.કર્ણાટક હાઈકોર્ટના ગેટરોનીક્સ સોલ્યુશર ઈન્ડિયા પ્રા.લી. વિ. કમિશ્નર ઓફ સેન્ટ્રલ ટેક્ષ અપીલ્સ- રી.પી.નં. 11470/2025ના તા. 14-11-25ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હકીકત...**

અરજદારના કેસમાં ખાતા તરફથી કમિ. 74 હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી. આ કાર્યવાહી દરમ્યાન, અરજદાર તરફથી તકરારી રકમ રૂ. 11,15,72010 સામે રૂ. 1,99,1090 જેટલી રકમ, જે તકરારી રકમના 10 ટકા કરતા વધુ હતી તે ભરવામાં આવી અને આ કાર્યવાહી અંગે તા. 28-2-24ના રોજ આદેશ કરી, રૂ. 11,41,38,249નું વ્યાજ દંડ સહિતનું માંગણુ ઊભું કરવામાં આવ્યું.

આ આદેશ સામ અરજદાર તરફથી પ્રથમ અપીલ ફાઈલ કરવામાં આવી અને જણાવવામાં આવ્યું કે તેમના તરફથી, કાર્યવાહી દરમ્યાન, રૂ. 199,10,490ની 10 ટકાથી વધુની રકમ ભરી દેવામાં આવી છે અને તે રકમને અપીલના હેતુ માટે ગણત્રીમાં લેવાની રહે છે. પરંતુ અપીલ અધિકારીએ જણાવ્યું કે તે રકમ અપીલના હેતુ હેતુ માટેની 10 ટકાની ડિપોઝીટની રકમ ગણી શકાય નહીં. પરિણામે અરજદારે તા. 2-2-24ના રોજ વધુ રૂ. 1,14,14,339 અપીલના હેતુ માટે પ્રિ-ડિપોઝીટ તરીકે ઈલેક્ટ્રોનીક ક્રેડિટ લેજર દ્વારા ભર્યા પરંતુ... આ રકમને પ્રથમ અપીલ માટે ભરવામાં આવેલ 10 ટકા લેખેની ડિપોઝીટની રકમ ગણાય નહીં એમ જણાવી, તા. 11-12-13ના આદેશથી અપીલ ડિસમીસ કરી, જે આદેશ સામે અરજદારે રીટ-પીટીશન ફાઈલ કરી.

**દલીલ...**

અરજદારના વિધ્વાન કાઉન્સેલે દલીલ કરતા, ના.સુપ્રિયમકોર્ટના વીવીએફ (ઈન્ડિયા)ના ચૂકાદા પર આધાર રાખ્યો, કે જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે એસેસમેન્ટ ઓર્ડર અગાઉ ભરેલ રકમ અપીલ ફાઈલ કરવાની પ્રિ-ડિપોઝીટ પેટે ભરેલ રકમ ગણવી પડે.

**ચૂકાદો...**

ના.હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે અરજદારના વિધ્વાન કાઉન્સેલે સાચેજ જણાવ્યું છે કે અરજદાર તરફથી ડિપોઝીટ કરવામા આવેલ રકમ ના. સુપ્રિમકોર્ટના વીવીએફ (ઈન્ડિયા)ના ચૂકાદા મુજબ અપીલ ફાઈલ કરવા માટેની પ્રિ-ડિપોઝીટ પેટે એડજસ્ટ કરવાની રહે છે. આ ચૂકાદામાં જણાવ્યા મુજબ, કાયદામાં તકરારી રકમના 10 ટકા પ્રિ-ડિપોઝીટ તરીકે ભરવાની જોગવાઈ છે અને કંપની દ્વારા આદેશ પહેલાં ભરવામાં આવેલ રકમને લગતા આદેશને પડકારવામાં આવ્યો છે ત્યારે આવી વાંધા સાથે ભરેલ રકમને પણ ડિપોઝીટ પેટે ભરેલ રકમ ગણાવી પડે. આ માટે પ્રસ્થાપિત સિધ્ધાંત કે કાયદાની જોગવાઈનું ચૂસ્ત અર્થઘટન કરવું જોઈએ તેનો આધાર લીધો અને તેથી પ્રિ-ડિપોઝીટની રકમ કંપનીએ ભરેલ નથી તેવા કારણસર અપીલ નામંજૂર કરી શકાય નહીં. અને ના.હાઈકોર્ટે અપીલ અધિકારીનો ઓર્ડર દૂર કરી, અપીલરીસ્ટોર કરી, અપીલ અધિકારીને અપીલ ગુણદોષ પર ચલાવવા ફરમાવ્યું.

# ઓટો સેક્ટરમાં 'સુપર સ્પીડ': વેચાણમાં 20%નો ઉછાળો

**GST** સુધારણા અને ગ્રામીણ માંગના જોરે પેસેન્જર અને ટુ-વ્હીલર વાહનોની ધૂમ ખરીદી; ઇન્વેન્ટરીમાં મોટો ઘટાડો

**નવી દિલ્હી, તા. 10:** ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગે ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં વોલ્યુમની દ્રષ્ટિએ લગભગ 20 ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાવી છે. આનું મુખ્ય કારણ જીએસટી સુધારણા, ગ્રામીણ માંગમાં રિકવરી અને તહેવારોની મોસમની સકારાત્મક અસર છે.

ફાઈનાન્સિયલ સર્વિસિસ ફર્મ પીએલ કેપિટલે અહેવાલમાં જણાવ્યું હતું કે સુધારેલી પરવડે તેવી ક્ષમતા, સરળ ફાઈનાન્સિંગ વિકલ્પો અને ગ્રાહક સેન્ટિમેન્ટને કારણે પેસેન્જર વાહનો, ટુ-વ્હીલર અને કોમર્શિયલ વાહનોની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. ત્રીજા ક્વાર્ટરમાં વેચાણમાં મજબૂત ઉછાળાને કારણે પેસેન્જર વાહનોની ઈન્વેન્ટરીઝ નવેમ્બરમાં 45 દિવસ અને ડિસેમ્બરમાં 38 દિવસ ઘટી હતી.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જીએસટીના દરમાં ઘટાડો કર્યા બાદ સૌથી વધુ ફાયદો નાની કારને થયો છે. જો કે, એસયુવીનું વેચાણ સતત મજબૂત રહ્યું છે અને આ સેગમેન્ટમાં માંગમાં કોઈ ઘટાડો થયો નથી.